# ધાનેરા રેલવે પુલ મામલે સ્થાનિકો દ્વારા પ્રતિક ઉપવાસ

ધાનેરા, તા.૨૬

બનાસકાંઠા જીલ્લાના ધાનેરામાં આવેલો રેલ્વે પુલ ધાનેરાના લોકોની હેરાનગતિમાં દિવસેને દિવસે વધારો કરી રહ્યો છે ધાનેરા ના લોકો દ્વારા તંત્રને વારંવાર રજૂઆત કરવા છતાં પણ આ પુલનું કોઈ નિરાકરણ ન આવતા ધાનેરા ના લોકો આજે આ પુલ બનવવાની માંગ સાથે એક દિવસના પ્રતિક ઉપવાસ પર બેઠા પ્રતિક ઉપવાસ કરવાથી પણ તંત્ર લોકોનું નહિ સાંભળે તો લોકોએ આવનાર સમય વધુ અંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારી છે

બનાસકાંઠા જીલ્લાના ધાનેરા શહેરમાં આવેલો રેલ્વે પુલ કે જે ધાનેરાના લોકોની મુશ્કેલીમાં વધારો કરી રહ્યો છે અને આ પુલ ના કારણે ધાનેરા ના લોકો કંટાળી ગયા છે આપુલ ખુબજ જર્જરિત બની ગયો છે અને આવનાર સમય માં જો આપુલ તૂટી જાય અને કોઈ મોટી જાનહાની સર્જાય તો કોઈ નવી ન વાત ન કહેવાય અગાઉ પણ આ પુલ ઉપરથી કેટલાય વાહનો નીચે પટકાઈ અકસ્માત ના બનાવો બન્યા છે છતાં પણ તંત્રની આંખ ઉઘડતી નથી જયારે પણ ચુંટણી આવે ત્યારે રાજકીય આગેવાનો આવી લોકો ને નવો પુલ બનાવાનો ખોટા વાયદા આપી લોકો ને પોતાની જાળ માં ફસાવી દે છે અને જીત્યા પછી કોઈ નેતા એ આજ દિવસ સુધી આ પુલ સામે જોયું પણ નથી અને કેટલાક નેતાઓ દ્વારા તો આ પુલનું બે થી ત્રણ વખત ખત મહુર્ત પણ કર્યું છે છતાં પણ હજુ સુધી આ પુલ નું કોઈજ કામ ચાલુ કરાયું નથી અને જયારે આ પુલ ઉપર ટ્રાફિક જામ સર્જાય છે ત્યારે લોકો ને પોતાનો કિંમતી સમય બગાડી કલાકો સુધી ટ્રાફિક માં હેરાન થવું પડે છે અને પુલ એક તરફ શાળા આવેલી હોવાથી ભણવા જતા બાળકો ને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો અને જો કોઈ ઈમર્જન્સી કેસ હોય અને દર્દીને લઈ જતી એમ્બુલન્સ પણ આ ટ્રાફિક માં ફસાઈ જાય તો કલાકો સુધી બહાર નીકળી શકતી નથી ત્યારે આજે ધાનેરા ના યોગેશભાઈ ત્રિવેદી સહીત નામાંકિત લોકો નવો પુલ બનવવા માટે એક દિવસ ના પ્રતિક ઉપવાસ ઉપર બેઠા છે મીડિયા દ્વરા તેમની મુલાકાત લેતા તેમને જણાવ્યું હતું કે આજે અમે એક દિવસના પ્રતિક ઉપવાસ ઉપર બેઠા છીએ અને જો તંત્ર દ્વરા અમારું નહિ સાંભળવામાં આવે તો અમે આવનાર સમય બીજા પણ અન્ય કાર્યક્રમ કરશું

અત્યારે તો ધાનેરાની પ્રજા પોકારી પોકારી ને એકજ વાત કરી રહી છે કે જયારે ધાનેરા માં કોઈ રાજકીય નેતા કે આગેવાન આવવાના હોય ત્યારે આ પુલ ઉપર પહેલેથીજ પોલીસ મૂકી બીજા વાહનો બંધ કરાવી દેવામાં આવે છે જેથી રાજકીય નેતા કે આગેવાન આરામ થી પુલ પસાર કરી શકે છે માટે રાજકીય નેતા કે આગેવાન કોઈ જ મુશ્કેલી નથી પડતી માટે આ પુલ બનવવા માં કોઈ રાજકીય નેતા કે આગેવાન રસ દાખવતા નથી માટે હવે તો ધાનેરા ની જનતા પણ કહી રહી છે કે જો આ પુલ બનાવવામાં નહિ આવે તો આવનાર ૨૦૧૭ ની વિધાનસભની ચુંટણી નો બહિષ્કાર પણ કરવો પડે તો અમે પછી પાની નહિ કરીએ.



**પ્રતિક ઉપવાસ બાદ અન્ય આંદોલનની પણ ચિમકી ઉચ્ચારી**





## મહિયલમાં નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

તલોદના મહિયલ ગામે આવેલ મહાકાળી માતાજીના મંદિરના લાભાર્થે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં કુલ ૮૨ ટીમોએ ભાગ લીધો હતો. અંતે એકતા ઈલેવન અને ગોગા ઈલેવન વચ્ચે ફાઈનલ મેચ ખેલાઈ હતી. જેમાં એકતા ઈલેવન ટીમ ચેમ્પિયન બની હતી. ગોગા ઈલેવને ટોસ જીતી પ્રથમ બેટિંગ લઈ માત્ર ૮૪ રન કર્યા હતા જયારે એકતા ઈલેવનની ટીમે જોરદાર રમત દેખાડી માત્ર ૬ ઓવરમાં જ લક્ષ્યાંક પ્રાપ્ત કર્યો હતો.

# સલાલ જૂથ અથડામણ મામલે દસ આરોપીઓની અટકાયત

પ્રાંતિજ, તા. ૨૬

પ્રાંતિજના સલાલ ખાતે ચાર દિવસ અગાઉ વહેલી સવારે થયેલ એકજ કોમના જુથ વચ્ચે અથડામણમાં એકનું મોત નિપજ્યું હતું અને મોત બાદ સમગ્ર વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયો હતો અને પોલીસે મૃતકના પિતાની ફરીયાદના આધારે ૧૪ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી જેમાં ૧૦ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન પ્રાંતિજના સલાલ ગામે ગવારીયા જ્ઞાતિના લોકો વચ્ચે અગાઉ પ્રેમ સંબંધને લઈને લગ્ન કરી દેતા અદાવત રાખી તા. ૨૨-૫-૨૦૧૬ને વહેલી સવારે સામાન્ય બોલાચાલી બાદ આરોપીઓએ પોતાનો ઈરાદો પાર પાડવા એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચીને જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરીને હાથમાં લાકડીઓ અને પાઈપ પથ્થર વડે ફરીયાદી વિરમાજી રામાજી ગવારીયાના પુત્ર ઉદાજી વિરમજી ગવારીયા ઉપર હૂમલો કરતાં તેના માથાના ભાગે ઈજાઓ કરી લોહી લુહાણ કરી ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. ત્યારે બાદ મૃતકના પિતા વિરમાજી રામાજી ગવારીયાએ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ૧૪ આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો. જેમાં પોલીસે મંગળવારના રોજ ૧૪ આરોપીઓમાંથી સોનાભાઈ ઉર્ફે સુનીલભાઈ પરભાભાઈ ગવારીયા ઉં.વ. ૩૫, રાવજીભાઈ પરભાભાઈ ગવારીયા ઉં.વ.૩૨, ગોરધનભાઈ વાઘજીભાઈ ગવારીયા ઉં.વ. ૨૫, ભગવાનભાઈ વાઘજીભાઈ ગવારીયા ઉં.વ. ૨૧, મોહનભાઈ વાઘજીભાઈ ગવારીયા ઉં.વ. ૧૯, રાજેશભાઈ વાઘજીભાઈ ગવારીયા ઉં.વ. ૨૦, ભીખાભાઈ સોમાભાઈ ગવારીયા ઉં.વ. ૧૯, રાવજીભાઈ ધીરાભાઈ (ભાણીયો) ગવારીયા ઉં.વ. ૩૦, ગોવિંદભાઈ ધીરાભાઈ (ભાણીયો) ગવારીયા ઉં.વ. ૨૫, માલાભાઈ ધીરાભાઈ (ભાણીયો) ગવારીયા ઉં.વ. ૧૮ આ તમામે તમામ રહે. સલાલ જ્યારે આ દસ આરોપીઓની અટકાયત કરીને બુધવારના બપોર બાદ પ્રાંતિજ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા.



## મદ્રેસા હાઈસ્કૂલનું ગૌરવ

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલની ત્રણ વિદ્યાર્થિનીઓએ ઉચ્ચ ક્રમાંક પ્રાપ્ત કરી શાળા અને સમાજનું ગૌરવ વધાર્યું છે. મદ્રેસા હાઈસ્કૂલની વિદ્યાર્થિની કૌશરજ્હા શેઠએ ૯૯.૭૪ પર્સન્ટાઈલ, અસ્ફીયા પુનાસ્યાએ ૯૮.૮૩ પર્સન્ટાઈલ અને આફરીનબાનુ પુનાસ્યાએ ૯૮.૭૦ પર્સન્ટાઈલ રેંક પ્રાપ્ત કર્યા હતા.



વિદ્યાર્થિનીઓને આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ જી.એ. હરસોલીયા, એ.એમ. સાબુગર, કન્વીનર મુસ્તાક અહેમદ જાંખવાલા અને આચાર્ય ઝેડ.વી. મુતવલ્લીએ અભિનંદન પાઠવ્યા હતા.

## તલોદ સાયન્સ કોલેજમાં કેમેસ્ટ્રીનો વધારાનો સેલ્ફ ફાઈનાન્સ વર્ગ શરૂ થશે

તલોદ, તા. ૨૬

તલોદની સી.ડી. પટેલ મહાવિદ્યા મંડળ, સંચાલિત એસ.એમ. પંચાલ સાયન્સ કોલેજ છેલ્લા ૬૦ વર્ષથી ઉચ્ચ શિક્ષણક્ષેત્રે પોતાનું આગવુ ઉત્તરદાયિત્વ નિભાવતી આવી છે. પરંતુ છેલ્લા ત્રણેક વર્ષથી સાયન્સનું શિક્ષણ લેવા માટે વધતી જતી વિદ્યાર્થીઓની રૂચિને લઈ ગ્રાન્ટ ઈન એઈડના વર્ગમાં ઓછી મેરીટવાળા વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહે છે. જેના કારણે વાલીઓ વિદ્યાર્થીઓમાં પ્રવેશ લેવા બાબતે ખૂબ જ અસંતોષ અને રાજકીય દબાણો યુનિવર્સિટી સુધી પહોંચતા હતા. જેને લઈને સંચાલકોને માટે પ્રવેશ પ્રશ્ન શિરદર્દ બન્યો હતો. આ સમસ્યાને લઈ વર્તમાન વર્ષે મંડળના વહીવટદાર ડૉ. જે.સી. પટેલે આ પરિસ્થિતિનું પુનઃ નિર્માણ ના થાય અને તલોદ પ્રાંતિજની હદની સ્કૂલમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને ઘર આંગણે યુ.જી.સી.નો ચોઈસ બેઝડ ક્રેડિટ સિસ્ટમનો લાભ પ્રથમ વર્ષથી મળી રહે તેવા ઉમદા હેતુસર વધારાનો સેલ્ફ ફાઈનાન્સ ડિવિઝનની માંગણી યુનિવર્સિટીના સત્તામંડળ સમક્ષ મુકી છે. જે મંજૂરને માન્યતા મળતા વધારાનો કેમેસ્ટ્રી વિષયનો વર્ગ શરૂ કરવામાં આવનાર છે. આ સમાચારથી વિદ્યાર્થીઓ અને વાલીગણમાં આનંદની લહેર પ્રસરી જવા પામી છે.

## જમાઈ બન્યો જમ : પત્નીને લેવા આવતા સામાન્ય બાબતે સસરા પર છરીથી હુમલો

પાલનપુર, તા.૨૬

બનાસકાંઠા ના પાલનપુર નજીક આવેલા ભટામલ ગામમાં સામાન્ય બાબતે આજે સસરા જમાઈ વચ્ચે ચપ્પા ના ઘા ઝીંકાતા થોડાક સમય માટે સમગ્ર ગામ માં હંગામો સર્જવા પામ્યો હતો.પોતાની પત્નીને પિયર લઈ જવાની સામાન્ય બાબત માં ભટામલ ગામ ના જ અશોક ભાઈ હુણ દ્વારા પોતાના સસરા જીવાભાઈ બેરા પર જીવલેણ હુમલો કરાયો હતો। અચાનક થયેલા ચપ્પા ના ઘા ને પગલે જીવાભાઈ બેરા ની હાલત ગંભીર થવા પામી હતી જેના પગલે તાત્કાલિક સારવાર અર્થે તેમને પાલનપુર સિવિલ ખસેડાયા હતા તેમજ પોલીસ ને પણ આ મુદ્દે જાણ કરાઈ છે। જો કે જમાઈ અશોક ભાઈ હાલ માં ગામ થી ફરાય થઈ જવા પામ્યા છે તેમજ પોલીસ પણ આ મુદ્દે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

## વણકર સમાજનું ગૌરવ

મહેસાણા જિલ્લાના વિસનગરના તેજસ્વી વિદ્યાર્થી જૈનીલ નટવરભાઈ ચંદ્રમોલીએ ચાલુ વર્ષે લેવાયેલ ધોરણ-



૧૦ની પરીક્ષામાં ૯૭.૮૮ પર્સન્ટાઈલ રેન્ક (૮૩.૧૬ ટકા) ગુણ મેળવી વણકર સમાજનું ગૌરવ વધારેલ છે.

# બેરૂન્ડા સરપંચે નિઃસંતાન પત્નિને ત્રાસ આપતા પત્નિ પોલીસના શરણે

મોડાસા, તા. ૨૬

મોડાસા તાલુકાના ભેરૂન્ડા ગામના સરપંચ ધનજીભાઈ રામાભાઈ વણકર અને તેના નાનાભાઈ દિનેશભાઈ રામાભાઈ વણકર અને તેની પત્નિ ગીતાબેન દિનેશભાઈ વણકરે ભેગા મળી તેમની પત્નિ સવિતાબેન પર છેલ્લા પાંચ વર્ષથી નિઃસંતાન હોવાના મુદ્દે યેનકેન પ્રકારે લડાઈ-ઝઘડા કરી મારઝૂડ કરી માનસીક અને શારીરીક ત્રાસ આપી, બિભત્સ ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા સરપંચની પત્નિ સવિતાબેન તેના પતિ અને દિયર-દેરાણી દ્વારા વારંવાર અપાતા ત્રાસથી કંટાળીને પોલીસનુ શરણુ લેતા મોડાસા પંથકમાં હડકંપ મચી ગયો છે. મોડાસા રૂરલ પોલીસે સવિતાબેનની ફરિયાદના આધારે સરપંચ પતિ અને તેના નાના ભાઈ-ભાભી વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૯૮(ક), ૧૧૪ મુજબ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

**સરપંચ તેના ભાઈ-ભાભી સાથે મળીને છેલ્લા પાંચ વર્ષથી મારઝુડ કરતો હતો : સરપંચ સામે ફરિયાદ નોંધાતા મોડાસા પંથકમાં હડકંપ**

ભેરૂન્ડા ગામના સરપંચના પત્નિ સવિતાબેનના જણાવ્યા અનુસાર તેમના પતિએ અગાઉ પણ અસંખ્યવાર મારઝુડ કરતા પોલીસ મથકે પહોંચી હતી. પરંતુ સમાજના આગેવાનો દ્વારા સમજાવટ થતા સમાધાન કરી લીધુ હતુ. પરંતુ ૧૦-૫-૨૦૧૬ના મંગળવારની રાત્રીએ મારા પતિ અને દિયર દેરાણીએ સામાન્ય બાબતે બોલાચાલી કરી માથામાં ડોલથી હૂમલો કરતા ૧૦૮ દ્વારા મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર લીધી હતી અને માથામાં બે ટાંકા અને ત્રણ દિવસ સુધી દાખલ થવાની ફરજ પડી હતી છતાંયે મારા પતિ કે પરિવારજનોએ ખબરઅંતર પૂછવાના બદલે મારા ઈજ્જત સામે પ્રશ્ન કરતા મારા ભાઈને ફોન કરી ખોટી રીતે જણાવ્યું હતું કે તમારી બહેન ઘરેથી ક્યાંક જતી રહી છે તો શોધી લેજો. તદઉપરાંત વારંવાર મારઝુડ અસહ્ય બનતા પોલીસ કાર્યવાહિ કરવાની ફરજ પડી છે.

# ૧.૨૦ લાખની છેતરપિંડી કરનાર યુવતી અને તેની ફોઈ ઝડપાયા

હિંમતનગર, તા.૨૬

હિંમતનગરના ભીલવાસમાં રહેતા યુવક સાથે નાસિકની યુવતીએ સવા માસ અગાઉ લગ્ન કર્યા બાદ ખર્ચ પેટે રૂા.૧.૨૦ લાખ લીધા હતા. ત્યારબાદ યુવતી ખર્ચના નાણાં લઈ યુવક સાથે વિશ્વાસઘાત તેમજ છેતરપિંડી કરી રફુચક્કર થઈ જતાં યુવકની બહેને છેતરપિંડીના મામલે હિંમતનગરના બી-ડીવીઝનમાં સોમવારે ફરિયાદ નોંધાવી હતી. દરમિયાનમાં બી-ડીવીઝન પોલીસે યુવકને ચકમો આપી નાસી છુટનાર યુવતી તેમજ તેની ફોઈને સોમવારે રાત્રે જ હિંમતનગરમાંથી ઝડપી લીધા હતા. જયારે પોલીસે આ પ્રકરણમાં સંડોવાયેલ થાનેના યુવકની શોધખોળ હાથ ધરી છે.

અનુસાર હિંમતનગરના ભીલવાસમાં રહેતા જીગીબેન છગનજી વાઘેલાના ભાઈ રણજીતસિંહ સાથે મહારાષ્ટ્રના નાસિકમાં રહેતી સારીકાબેન જોન કુંડાડેના તા.૧૬ એપ્રિલ ૨૦૧૬ ના રોજ લગ્ન કરાવ્યા હતા અને તેના ખર્ચ પેટે રૂા.૧.૨૦ લાખ લીધા હતા. ત્યારબાદ લગ્ન કરનાર યુવતી સારીકાબેન રૂા.૧.૨૦ લાખ લઈ યુવક રણજીતસિંહ સાથે વિશ્વાસઘાત તેમજ છેતરપિંડી કરી નાસી ગઈ હતી. જેથી રણજીતસિંહની બહેન જીગીબેન વાઘેલાએ સોમવારે હિંમતનગરના બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પહોંચી છેતરપિંડીના મામલે મહારાષ્ટ્રમાં રહેતી બે મહિલાઓ અને એક યુવક સહિત ત્રણ જણા વિરૂધ્ધ મામલો દર્જ કરાવ્યો હતો. દરમિયાનમાં બી-ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ડી.ડી.પરમારે સોમવારે રાત્રે જ હિંમતનગરના યુવક સાથે લગ્ન કરી રૂા.૧.૨૦ લાખની છેતરપિંડી કરી ભાગી છુટનાર ફોઈ-ભત્રીજીને હિંમતનગરમાંથી જ ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે આ પ્રકરણમાં સંડોવાયેલ રોશન ઉર્ફે પિન્ટુ યશવંત શિંદે નામના યુવકની શોધખોળ હાથ ધરી છે.

## હિંમતનગરનો આસિફ લુહાર ટુર્નામેન્ટમાં ઝળક્યો

હિંમતનગર તા. ૨૬

હિંમતનગરના યુવાન આસિફ લુહારે જુદી જુદી ટુર્નામેન્ટોમાં સુંદર દેખાવ કરી હિંમતનગરનું નામ રોશન કર્યુ છે.



દાવડ ખાતે યોજાયેલ નાઈટ ટુર્નામેન્ટમાં આ યુવાને ૩૫ બોલમાં ૧૨૦ રન કરી ટીમને વિજય અપાવ્યો હતો, જયારે વાઘરોટા ખાતે યોજાયેલ ટુર્નામેન્ટમાં આસિફ લુહારે ૪૦ બોલમાં ૧૪૦ રન કર્યા હતા અને ૧૭ છગ્ગા સાથે નોટ આઉટ રહી રનનો વરસાદ વરસાવ્યો હતો. ક્રિકેટ જગતમાં આસિફ લુહારે સુંદર દેખાવ કરી ક્રિકેટ પ્રેમીઓના દિલમાં આગવુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

## ધાનેરાના સરાલ(વીડ) ગામ પાસે બે બાઈક વચ્ચે અકસ્માત

ધાનેરા તાલુકા ના સરાલ(વીડ) ગામ પાસે બે બાઈક સમ-સામે ટકરાતા ત્રણ લોકો ને ગંભીર ઈજા થતા ૧૦૮ દ્વરા સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યા હતા. ધાનેરા તાલુકા ના સરાલ(વીડ) ગામ પાસે બે બાઈક સમ-સામે ધડાકા ભેર અથડાતા બાઈક સવાર દશરથભાઈ ગલચર ભાવનાબેન દશરથભાઈ ગલચર અને રમેશભાઈ જોઈતાભાઈ પટેલને ગંભીર ઈજા થતા લોકો દ્વારા ધાનેરા ૧૦૮ને જાન કરતા ધાનેરા ૧૦૮ના પાયલોટ રજનીકાંત રાવલ અને ઈ.એમ ટી અજયભાઈ શ્રીમાળી તાત્કાલિક ઘટના સ્થળે પહો ચી તમામ ઘાયલો ને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યા હતા તો બીજી તરફ અકસ્માત ને લઈ જાહેર રસ્તા પર ટ્રાફિક જામ સર્જાયું હતું